| | |
|---|---|
| | **A. G. High School and G. & D. Parikh Higher Secondary School** |

Navrangpura, Ahmedabad - 380 009.

**First Preliminary Examination : 2013-2014**

| | | |
|---|---|---|
| Date : 28-12-2013 | Std. : 12 | Marks : 100 |
| Day : Saturday | Subject : Gujarati (SL) | Time : 3:00 Hrs. |

## SECTION : A

**નીચેના પ્રશ્નોના એક એક વાક્યમાં ઉત્તર લખો.** **(03)**

1 મુખ્ય ગ્રહો કયા કયા છે ?

2 દાતારની ટૂક ઉપર કોનો વાસ છે.

3. કયો તારો નીલમ જેવા રંગનો છે ?

**નીચેના વિધાનો માટે કારણો આપો.** **(03)**

4. કાંચનને ગેરુંની અદેખાતું આવી.

5. શીલાએ અંગ્રેજી શીખી લીધું.

6. ગોરબાપાએ પુત્રને ઘર છોડવાની ભલામણ કરી.

**નીચેના પ્રશ્નોના ઉત્તર બે-ત્રણ વાક્યમાં લખો.** **(08)**

7 પુત્ર ઘેર પાછો ફરે તે માટે ગોરાણીએ શું શું કર્યું ?

8. આમંત્રિત શક-સરદારો માટે શી તૈયારીઓ કરવામાં આવી.

9. જંયત અને આનંદ પર્યટન કરીને ક્યાં-ક્યાં જવા માગે છે ?

10. વરસાદ ન આવવાથી લોકોની શી દયા થઈ ?

<u>અથવા</u>

સરલા અને કાંતિએ નોકર વિશે કયા સવાલો પૂછ્યા ?

**નીચેના પ્રશ્નોના ઉત્તર આઠ-દસ વાક્યોમાં લખો.** **(10)**

11. લેખકના પરિવારના જુદા જુદા સભ્યો પહેલું કામ કોને ગણતા હતા ?

12. સરકારી નોકરી અને સ્વદેશ પ્રેમ વચ્ચે ઝોલાં ખાતા લેખકના મનોમંથનનું ચિત્રણ કરો.

<u>અથવા</u>

શબ્દ પરિચયમાં પ્રવીણ અને કુશલ શબ્દોને કયા કયા ઉદારણોથી સમજાવે છે.

**નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં લખો.** **(04)**

13. કોને કોને પોતાનું તેજ નથી.

14. સારસની જોડ શેના માટે પ્રખ્યાત છે ?

15. કવિએ જીવનની ચાદર શેનાથી વણવી નથી ?

16. સૂર્ય પોતાની છટા કઈ રીતે પ્રસારે છે.

**નીચેની કાવ્યપંક્તિને યોગ્ય વિકલ્પ દ્વારા પૂર્ણ કરો.** **(02)**

17. હીરા માણેક ઝવેર તજીને...

- શરીર આપ્યું સમતલોમાં રે.
- કથીર સંગાથે મણિ તોલમાં રે.

18 ગીતની રેલશે એક અંખડિત ધાર,
- એમાં થઈ મસ્ત હું રાચું.
- પછી મારી ધૂન જગાવું.

**નીચેના પ્રશ્નોના ઉત્તર બે-ત્રણ વાક્યમાં લખો.** **(06)**

19 કવિ યૌવનને ઉતમકાળ ગણે છે.

20. "તુંબડું નકામું પડ્યું" એમ કવિ શા માટે કરે છે ?

21. કવિના મતે ફુલ વીણવામાં વિલંબ થવાથી શું થશે ?

અથવા

કવિ તેજ-તિમિરનો આનંદ કઈ રીતે માણે છે.

**નીચેના પ્રશ્નોના ઉત્તર સાતથી આઠ વાક્યમાં લખો.** **(08)**

22. પ્રકૃતિના બધા તત્વો પોઢી ગયા છે. તેનું વર્ણન તમારા શબ્દોમાં કરો.

23. 'તડકો' કાવ્યમાં વર્ણવાયેલાં તડકાનાં જુદા જુદા રૂપોનું ચિત્રણ તમારા શબ્દોમાં કરો.

અથવા

'જનની' કાવ્યને આધારે જનનીનો અજોડ પ્રેમ વર્ણવો.

## SECTION : B

**નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.** **(03)**

24 ચક્ષું 25 નૃપાલ

26 શૃંખલા અથવા રંજ

**નીચેના શબ્દોના વિરોધી શબ્દો લખો.** **(03)**

27 અદશ્ય 28 ઈચ્છા

29 નિવૃત અથવા કીર્તિ

**નીચેના શબ્દોની સંધિવિગ્રહ કરો.** **(03)**

30 નિર્ભય 31 વ્યવસ્થા

32 સ્વેચ્છા અથવા પૂર્વાકાશ

**નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.** **(03)**

33 પીળા રંગનું એક રત્ન.

34 નજરોનજર જોવું તે.

35 ગણી ન શકાય તેવું

અથવા

છાપાને ખબર મોકલનાર

**નીચે આપેલા રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્ય પ્રયોગ કરો.** **(02)**

36. સામનો કરવો.

37 રાતી આંખ કરવી **અથવા** પેટે પાટા બાંધવા

**નીચેની કહેવતનો અર્થ સમજાવો.** **(01)**

38. શાહુકારની એક આંખ ને ચોરની ચાર **અથવા** સોળે સાન વીસે વાન.

39 **સમાસ ઓળખાવો :** દેહલતા **(01)**

40 **બે દ્વિરુક્ત શબ્દ જણાવો.** **(01)**

41 **બે રવાનુંકારી શબ્દ લખો.** **(01)**

## SECTION : C

42 **નીચે આપેલા ગદ્યાંશનો એક તૃતીયાંશ ભાગમાં સાર લખો.** **(05)**

આપણા જીવનમાંથી માવજતની માત્રા ઘટતી જાય છે અને તૈયાર માલ ઓછી મહેનતે મેળવવાની તાલાવેલી વધતી જાય છે. આજ સુધી કોઈ માએ પોતાના દિકરાને વર્ષગાંઠે હોટલમાં જમાડ્યો સાંભળ્યો છે ? કોઈ સમાજમાં આયા વડે સારા છોકરા તૈયાર થયા છે ખરાં ? કોઈ હોટલની રસોઈમાં માની રસોઈનો હૂંફાળો સ્વાદ મળ્યો છે ? એમાં ફરક છે. માવજતનો આ જમાનામાં જ્યારે લોકોને ઓછી મહેનતે વધુ પ્રમાણમાં તૈયાર વસ્તુની પ્રાપ્તિ માટે ધસતા જાઉ છું. ત્યારે લાગે છે કે જાણ્યે અજાણ્યે પણ લોકોમાં 'માવજત' ભુલાતી જાય છે. માવજત કરનારામાં પ્રમાણભાન, ધીરજ, હળવા હાથે કામ કરવાની આવડત, ક્ષમતા, સહશક્તિ અને સ્નેહ હોવા જોઈએ. કોઈપણ ગરીબ માએ જેહમત ઉઠાવી ઉછેરીને ખૂબ ભણાવેલા મોટા દાકતર દિકરાની પાછળ માવજતનો મંત્ર છે. કોઈપણ સફળ દાકતરની સફળતા પાછળ માવજતનો ટહુકો છે. કોઈ સફળ પ્રોફેસરના સુંદર વ્યાખ્યાનની છટા પાછળ માવજતો ધ્વનિ છે. માવજતનો મંત્ર આ જમાનામાં સૌએ વાગોળવા જેવો, આચરવા જેવો છે. માવજત જીવન અજવાળશે.

**નીચે આપેલ પદ્યાંશનો ભાવાર્થ સ્પષ્ટ કરો.** **(08)**

43 યૌવન શોભે છે. સંયમથી, સૌંદર્ય શોભે છે શીલથી.

44. નમતાથી સૌ રીઝે નમતાને બહુ માન,
સાગરને નદીઓ ભજે, છોડી ઊંડા સ્થાન.

**નીચેનું કાવ્ય વાંચી નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.** **(05)**

મને શિશુ તણી ગમે સરળ સૃષ્ટિ સ્નેહે ભરી.
નિખાલસ, સમત્વ તે અનઘ એક આનંદની
અભાન થકી જેહની, જીવન ધન્યતા નિર્ઝરે.
સદા મૃદમયી જ મૂર્તિ જગની ઘડી જે રહે.
અને હૃદય આ નમે પુનિત શ્વેત વાર્ધક્યને.
સહી કટુપ બોજ કૈ જગતના વિષો જીરવી.
નિહાળી વળી અત્યંત મંગલ સુયોજના વિશ્વની
ઘરે, અનુભવે વિશાળ, નયનો સમાધાનના
છતાંય દિલ તો ચહે તન યુવાનની તાજગી.

ખુમારી નયનો તણી, ગરવ ઉચ્ચતા ડોકની.
અને અધિક એથી એ અમર એની આત્માકણી.
સમત્વ શુભ કાજે જે જીવન વિગ્રહે ઝૂઝતી.
અખૂટ રસ-પૌરુષે - સભર આત્મ હું તો ચહું.
જહી મરણ એ મહોત્સવ અપૂર્વ જેવું થતું.

<u>પ્રશ્નો :</u>-45. બાળકની સૃષ્ટિનાં કયા આકર્ષક તત્વો કવિને ગમે છે ?
46. વૃદ્ધાવસ્થા આગળ કવિનું હૃદય કેમ નમે છે ?
47 યુવાનીમાં મરણ કેવું બને છે ?
48. કવિએ વાર્ધક્યને 'શ્વેત' અને 'પુનિત' કેમ કહ્યું છે ?
49. કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

## SECTION : D

**50 નીચે આપેલ વિષય પર આશરે વીસ વાક્યોમાં નિબંધ લખો. (કોઈ એક) (08)**

**<u>પુસ્તકો આપણા સાચા મિત્રો</u>**

પ્રસ્તાવના - સારા પુસ્તકોનો ફાળો - પુસ્તકના વાંચન થી થતા લાભ - હલકા પુસ્તકના વ્યસનથી થતા ગેરલાભ - સારા પુસ્તકો મિત્ર જેવા - ઉપસંહાર.

<u>અથવા</u>

**<u>પ્રવાસનું મહત્વ</u>**

એકધારા જીવનમાં પરિવર્તન જરૂરી - પ્રકૃતિની સુંદરતાનો પરિચય - ઐતિહાસિક પ્રવાસથી જ્ઞાન - ધાર્મિક પ્રવાસથી સંસ્કારિતા - સુષુપ્ત શક્તિનો વિકાસ - જીવનનો સાચો આનંદ.

<u>અથવા</u>

**<u>પરિશ્રમ એજ પારસમણિ</u>**

પરિશ્રમનું માહત્મય શાળાઓમાં - શ્રમનું ગૌરવ - શિક્ષિત સમાજની વૃત્તિ - વિદેશમાં શ્રમનું ગૌરવ - મહાપુરુષોમાં શ્રમયજ્ઞો - ઉપસંહાર.

**51 નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા લખી ઉચિત શીર્ષક આપો. (04)**

એક વિધવાના એકના એક પુત્રનું અકાળે અવસાન - તીવ્ર દુઃખ એન શોકથી પાગલ થવું - પુત્રના શબને લઈને નગરમાં ભ્રમણ - પુત્રના જીવન મોટ આજીજી - એક સજ્જનની ભગવાન બુદ્ધ પાસે જવાની સલાહ - બુદ્ધ પાસે આજીજી - શરત જે કુટુંબમાં કોઈ કદી મર્યુ ન હોય એવા ઘેરથી એક મુઠ્ઠી રાઈના દાણા લાવી આવે - સ્ત્રીનું નગરમાં ફરવું - નિરાશા - સાચી સમજ - ઉપસંહાર.

**નીચેની પંક્તિનો વિચાર વિસ્તાર સમજાવો. (04)**

52. શમેના વેરથી વેર, ટળેના પાપ પાપ થી
ઔષધ સર્વ દુઃખોનું મૈત્રી ભાવ સનાતન.

53. પૈસાને વળી પદવીનો, વિશેષ શો વિશ્વાસ
રાવણ કેરી સિદ્ધિ પણ, પળમાં પામી નાશ.

**નીચે આપેલ સૂચનાનુંસાર પત્ર લખો. (04)**

54. રામનગર, વડોદરાથી ગુંજન પંડ્યા, અમદાવાદ નિવાસી/પોતાના મિત્ર કુંજન પટેલને પોતાની શાળામાં યોજાયેલ વિજ્ઞાન મેળાનું વર્ણન કરતો પત્ર લખે છે.

●●●